તાપમાન
મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૯૨ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૬૪ | ૨૪ ઓગસ્ટ, ૨૦૧૬, બુધવાર ; શ્રાવણ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




ગાંધીનગરનું પોતાનું કંઈજ નથી..! ૫૧ વર્ષ પહેલાં આ નગર વસ્યું પછી બધુંજ-બધાજ બહારથી આવીને અહીં ઠરીઠામ થયા છે. અહીં વસતા લોકો પણ અહીંના નથી..! (જો કે હવે નવી પેઢી પોતાના બર્થ સર્ટિફિકેટમાં જન્મસ્થળના ખાનામાં ગૌરવભેર 'ગાંધીનગર' લખાવતી થઈ છે.) અહીં બધું 'ઉપર'થી આવે છે. અહીંની નદીનું પણ એવું જ છે. સાબરમતીને કાંઠે વસેલા આ નગરની નદીમાં પાણી પણ 'ઉપર'થી આવે છે..!!! રાજસ્થાનમાં ભારે વરસાદ થતાં સોમવારે ધરોઈ ડેમના ૧૦ દરવાજા ખોલવા પડ્યા અને સુક્કી રહેતી સરિતા-સાબરમતીનો સૂનકાર ગયો.. સોમવારે જ રાત્રે રૂમઝુમ કરતું પાણી આવી પુગ્યું ને નદી બે કાંઠે થઈ. મંગળવારની વહેલી સવારથી મંગલ-મંગલ થઈ ગયું... નદી કાંઠે ઊમટી પડેલા ગાંધીનગરાઓનો આનંદ અને ઉત્સાહ પણ બે-કાંઠે હતો..!!!

# કોલસા નૂરના દરમાં વધારો

## સિમેન્ટ અને વિજળી કંપનીઓના નફામાં પણ ઘટાડો થઇ શકે : લોડિંગ અને અનલોડિંગ બંને જગ્યાઓ પર પ્રતિટન ૫૫ રૂપિયાના દરે કોલ ટર્મિનલ ચાર્જ લાગૂ કરવા પણ તૈયારી : રેલવેના પગલાથી મોંઘવારી વધશે

નવી દિલ્હી,તા. ૨૩

રેલવે દ્વારા કોલસાના નૂરના દરમાં ૧૦૦-૭૦૦ કિલોમીટરના અંતર માટે ૮-૧૪ ટકા સુધીનો વધારો કરી દેતા આગામી દિવસોમાં અન્ય ચીજવસ્તુઓના ભાવ ઉપર પણ તેની સીધી અસર જોવા મળે તેવી શક્યતા છે. અંતર ઉપર આધારિત તેના કોલસાના નૂરમાં સ્લેબવાઈસ સુધારાને અમલી બનાવી દેવામાં આવ્યા છે. જેના ભાગરુપે કોલસાના નૂરના દર ઉપર વધારો ૮-૧૪ ટકા વચ્ચેનો રહેશે. બીજી બાજુ ૭૦૦ કિલોમીટરના ઉપરના અંતર માટે ભાવ કાપનો આંકડો ૧૩ ટકા સુધીનો રહેશે. નામ જાહેર નહીં કરવાની શરતે રેલવેના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, આનાથી રેલવેને આવકમાં ફાયદો થશે. તેના જાહેરનામામાં રેલવેએ કહ્યું છે કે, અંતરના સ્લેબમાં ફેરફાર કરીને કોલસાના દરને વધારે તર્કસંગત બનાવવામાં આવ્યા છે. આ હિલચાલથી કોલ ઈન્ડિયા લિમિટેડ, કોલસા આધારિત પાવર પ્લાન્ટ, મેટલ કંપનીઓ ઉપર સીધી અસર થશે. કોલસા ખાણને ફરી ફાળવણી બાદ એકંદરે સીધી અસર થશે. સરકારી એનટીપીસી લિમિટેડ દ્વારા ચલાવવામાં આવતા કોલસા આધારિત પાવર પ્લાન્ટ ઉપર અસર થશે. એનટીપીસીના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, આવનાર દિવસોમાં તેની અસર સીધીરીતે જોવા મળી શકે છે. રેલવે દ્વારા કરવામાં આવેલા નિર્ણયથી આરબીઆઈ ઉપર સીધી અસર થશે. વ્યાજદરમાં ઘટાડાની આશા ઉપર પાણી ફરી શકે છે. રેલવેએ નવો નિર્ણય લઈને કોલસાના નૂરના દરમાં વધારો કરી દીધો છે.



કોલસાના નૂરના દરમાં લાગનાર દરને વધારી દેતા તેની સીધી અસર થશે. રેલવેના આ પગલાથી મોંઘવારી વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સાથે સાથે સિમેન્ટ અને વિજળી કંપનીઓના નફાઓમાં પણ ઘટાડો થઈ શકે છે. રેલવે દ્વારા આજથી પ્રતિટનની દ્રષ્ટિએ કોલસાના નૂરની

● અનુસંધાન પાન-૫ પર

# વિશ્વના સૌથી અમીર દેશોની યાદીમાં ભારત પણ સામેલ છે

## યાદીમાં અમેરિકા પ્રથમ સ્થાનએ, ચીન બીજા તથા જાપાન ત્રીજા સ્થાને : વ્યક્તિગત કુલ સંપત્તિની દ્રષ્ટિએ યાદી જારી

નવીદિલ્હી,તા. ૨૩

વિશ્વમાં ટોપ ટેન સૌથી અમીર દેશોનીયાદીમાં ભારતનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ યાદીમાં ભારત સાતમાં સ્થાન ઉપર છે. કુલ વ્યક્તિગત સંપત્તિ ૫૬૦૦ અબજ ડોલરની આસપાસની નોંધાઈ છે. અમેરિકા આ ચાર્ટમાં પ્રથમ સ્થાન ઉપર છે. ન્યુવર્લ્ડ વેલ્સ દ્વારા જારી કરવામાં આવેલા નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ભારત સાતમાં સ્થાન ઉપર છે જ્યારે કેનેડા ૪૭૦૦ અબજ ડોલરની વ્યક્તિગત સંપત્તિ સાથે આઠમાં સ્થાન ઉપર છે. ઓસ્ટ્રેલિયા અને ઈટાલી ક્રમશઃ ભારતથી પાછળ છે. વ્યક્તિગત સંપત્તિની દ્રષ્ટિએ અમેરિકા વિશ્વમાં સૌથી અમીર દેશ તરીકે છે. અમેરિકાની વ્યક્તિગત સંપત્તિ ૪૮૯૦૦ અબજ ડોલરની આસપાસ છે. આ યાદીમાં ચીન બીજા અને જાપાન ત્રીજા ક્રમાંકે છે. આ બંને દેશોની વ્યક્તિગત સંપત્તિ પણ ક્રમશઃ ૧૭૪૦૦ અબજ અને ૧૫૧૦૦ અબજ ડોલર છે. અન્ય ટોપ ટેન ક્લબમાં જે દેશોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાં બ્રિટન, જર્મની, ફ્રાંસનો સમાવેશ થાય છે.

# સંતસરોવરના તમામ દરવાજા ખોલાયા

## લાકરોડાથી સંતસરોવર સુધી પહોંચવામાં સાબરમતીના નીરને ૮ કલાક લાગ્યા : ધરોઈમાંથી છોડાયેલા પાણીને પગલે આજે આખી નદી રિચાર્જ થતાં ભૂગર્ભ જળની સપાટી ઉંચે આવી



ગાંધીનગર, તા. ૨૩

લાકરોડાથી સંત સરોવર સુધી સાબરમતી નદીના નીરને પહોંચતાં ૮ કલાક જેટલો સમય લાગ્યો હતો.

ગઈકાલે ધરોઈ ડેમમાંથી છોડાયેલુ પાણી વહેલી સવારે ૩ વાગે રિવર ફ્રન્ટ પાસે પહોંચ્યુ હતુ. ચોમાસામાં ઉપરવાસમાં થયેલ ભારે વરસાદને કારણે પાણીની આવક વધતાં ગઈકાલે ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવ્યુ હતુ.

ધરોઈ ડેમમાંથી છોડાયેલુ પાણી સાંજે ૭ વાગે લાકરોડા પહોંચ્યુ હતુ અનો ત્યાંથી ગાંધીનગરમાં ઈન્દ્રોડા નજીક નિર્માણ પામેલા સંત સરોવરમાં વહેલી પરોઢના ૩ વાગે પાણી આવી પહોંચ્યું હતું. નદી સુક્કી પડી હોવાથી તેમજ રેતી ખનનને કારણે પડેલા ખાડા ભરાતા ભરાતા પાણી આવી રહ્યુ હોવાથી ગાંધીનગરમાં પાણી પહોંચવામાં વિલંબ થયો હતો.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર સંત સરોવરમાં ૨૧ હજાર ક્યુસેકની આવક સામે હાલ ૧૪ દરવાજા ખોલી ૨૧ હજાર ક્યુસેકની પાણીની જાવક કરવામાં આવી રહી છે. ધરોઈ ડેમમાંથી હાલ ૧૬ હજાર ક્યુસેક પાણી છોડવા માટે ત્રણ દરવાજા ખોલવામાં આવ્યા છે. ધરોઈ ડેમ ખાતે પાણીની આવક ૨૪ હજાર ક્યુસેકની છે.

ધરોઈ ડેમમાંથી છોડાયેલ પાણીને પગલે સાબરમતી નદી આખી રિચાર્જ થઈ ગઈ છે અને હાલ બે કાંઠે વહી રહી છે. ઉપરવાસમાં થયેલા ભારે વરસાદ અને સાબરકાંઠા અરવલ્લીમાં થયેલા ભારે વરસાદને કારણે સાબરમતી નદીમાં પાણીની આવક વધવા પામી છે.

નદીઓના જાણકારોના કહેવા પ્રમાણે નદીનું પાણી ૧ કલાકમાં ૭ કિ.મી. જેટલુ અંતર કાપતી હોય છે. જો કે આ ગતિ છોડવામાં આવેલ પાણીના જથ્થા પર પણ આધાર રાખે છે.

ગાંધીનગર શહેર અનો જિલ્લાની મુખ્ય નદી સાબરમતી રિચાર્જ થઈ જતાં તેનો સીધો ફાયદો ભૂગર્ભ જળના સ્તરને થશે. ભૂગર્ભનું જળસ્તર બે મીટર જેટલુ ઉંચુ આ

● અનુસંધાન પાન-૫ પર

# વિધાનસભા ગૃહમાં જીએસટી બિલ પસાર

## જીએસટી બિલ રજૂ કરાયું ત્યારે કોંગ્રેસના સભ્યો ગેરહાજર રહ્યા : દેશમાં એક સરખા કરમાળખા દ્વારા ભારતનો વેપાર ઉદ્યોગ સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ઉભો રહી શકશે : નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ

અમદાવાદ, તા. ૨૩

ગુજરાત વિધાનસભામાં આજે ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) બંધારણીય સુધારા બિલ અંતે પસાર કરી દેવામાં આવ્યો હતો. રાજ્ય સરકારે જીએસટી બિલને પસાર કરવા માટે બે દિવસનું મોનસુન સત્ર બોલાવ્યું હતું. વિપક્ષી કોંગ્રેસના સભ્યો ગૃહમાં આ બિલ રજૂ કરવામાં આવ્યું ત્યારે ઉપસ્થિત રહ્યા ન હતા. સુધારવામાં આવેલા જીએસટી બિલની સાથે જ ગુજરાતને હવે રાજ્યની અંદર ખરીદી અને વેચાણને લઈને લેવડદેવડ પર ટેક્સ વસુલ કરવાની સત્તા મળી ગઈ છે. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજયની વેરો આકારવા અંગેની જે મર્યાદાઓ છે તે દુર કરવા માટે ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષના વિધેયક દ્વારા સમગ્ર દેશમાં એકસરખું કરનું માળખું ગોઠવાશે અને જેનાથી દેશના

● અનુસંધાન પાન-૫ પર


## હાર્દિક અભિનંદન




ડો. શંકરસિંહ આર. રાણા
પ્રમુખશ્રી

શ્રી પ્રદિપસિંહ પી. બિહોલા
મહામંત્રીશ્રી

શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર

મધુર ડેરી ગાંધીનગરના ચેરમેનશ્રી ડો. શંકરસિંહ રાણાની શ્રી રાજપૂત સમાજ ગાંધીનગરના પ્રમુખપદે તથા નિવૃત્ત અધિકારી અને પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-૫ના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી પ્રદિપસિંહ બિહોલાની રાજપૂત સમાજ ગાંધીનગરના મહામંત્રી તરીકે થયેલી બિનહરીફ વરણીને અમો આવકારી હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ... શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર અને આપશ્રી ઉત્તરોત્તર વધુ સારી પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ પાઠવીએ છીએ...

નરેશભાઈ શાહ
રેણુકાબેન શાહ
શુભેચ્છક ટ્રસ્ટીશ્રીઓ
આર. એમ. પટેલ
નિરંજનાબેન બિહોલા

પ્રેરણા વિદ્યાલય પરિવાર

મનીષ ખત્રી - આચાર્યશ્રી
- સંજય પરમાર
- રચના પાઠક
- પારૂલબા રાઠોડ
- મિતેષ પ્રજાપતિ
- પ્રિયંકા શિકારી
- હીના ત્રિવેદી
- જલ્પા નિરંજન
- વિદ્યાબેન પારેખ
- અંજના ચાવડા
- કસ્તુરભાઈ વડોદરા
- કામિની પરમાર

મહેશ પટેલ - આચાર્યશ્રી
- રાહુલ ચૌહાણ
- પારૂલ ઠાકર
- પ્રગિતા ગોંડલીયા
- પૂર્વી સોલંકી
- આશા દેસાઈ
- મનીષા ભટ્ટ
- સરસ્વતિબેન બારોટ
- નીતા નાયી
- રીપલ પદમાણી
- ઘનશ્યામસિંહ ગોહિલ
- ઈલા ચૌધરી



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET



• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS

Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 ,09829719885 ,09462597151

Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651